# વલસાડ નગરપાલિકા

## Valsad Municipality

# ભરતી સમિતિની રચના

# Constitution of Recruitment Committee

---

| | |
|---|---|
| **પારસકુમાર મકવાણા** | **પંકજ ટી. આહિર** |
| **Paraskumar Makwana** | **Pankaj T. Ahir** |
| **ચીફ ઓફિસર** | **પ્રમુખ** |
| **Chief Officer** | **President** |
| **વલસાડ નગરપાલિકા** | **વલસાડ નગરપાલિકા** |
| **Valsad Municipality** | **Valsad Municipality** |

---


વલસાડ નગરપાલિકા
આઝાદ ચોક વલસાડ –૩૯૬૦૦૧
ફોન નં–૦૨૬૩ ૨૨૪૨૭૦૨
ઇ મેઇલ– np_valsad@yahoo.co.in
વેબસાઇટ–
www.valsadmunicipality.org






**Valsad Municipality**
**Azad Chowk,**
**Valsad-396001**
**Phone : 0263 2242702**
**E-mail: np_valsad@yahoo.co.in**
**Website:**
**www.valsadmunicipality.org**

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:...૧૦૩૨.........../તા.:૧૮–૦૩–૨૦૧૬

વ.કા.નં.(૧)

વિષય.: નગરપાલિકાઓમા કર્મચારીઓની ભરતી માટે નગરપાલિકા કક્ષાએ સમીતીની રચના કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક.: ઈએસટી / ૧૨૧૨ / સિ.ફા./આર./ તા.:૪–૯–૨૦૧૨ તથા નગરપાલિકા નિયામકશ્રી,ગાંધીનગરના પત્ર નં.:નપાની / મહેકમ / ભરતી પસંદગી/ ભરતી / વશી / ૨૦૧૨, તા.:૪–૯–૨૦૧૨થી જણાવ્યા મુજબ નગરપાલિકાઓમા કર્મચારીઓની ભરતી પ્રક્રિયા સમયે એકસુત્રતા જળવાય અને પારદર્શક રીતે ભરતી પ્રક્રિયા થાય તે હેતુથી નગરપાલિકા કક્ષાએ પસંદગી સમીતીની રચના કરી ભરતી અંગેની કાર્યવાહી કરવાનુ ઠરાવેલ છે.

ઉપરોકત પત્ર અન્વયે નગરપાલિકા કક્ષાએ પસંદગી સમીતીની રચના કરવામા આવેલ છે. જેના સભ્યો નીચે મુજબ છે.

૧.: નગરપાલિકા ધ્વારા નિયુક્ત પસંદગી સમીતીના અધ્યક્ષ ......................અધ્યક્ષ
(સામાન્ય સભામા મંજુરીને આધીન )

૨.:નગરપાલિકાના પ્રમુખશ્રી અથવા તેઓશ્રી ધ્વારા નિયુકત સદસ્યશ્રી.............સભ્ય

૩.:નગરપાલિકાની સ્થાયી સમીતીના અધ્યક્ષશ્રી.................................સભ્ય

૪.:કલેકટરશ્રી ધ્વારા નિયુકત કરેલ નાયબ કલેકટર/પ્રાંત અધિકારીશ્રી.............સભ્ય

૫.:નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી..........................................સભ્યસચીવ

નગરપાલિકા ધ્વારા તાંત્રીક અધિકારી / કર્મચારીની ભરતી કરવાની હોય તો સમીતીની બેઠકમા કલેકટરશ્રી ધ્વારા સબંધીત ક્ષેત્રના તાંત્રીક અધિકારીને આંમત્રીત સભ્ય તરીકે સમાવવાના રહેશે.

–મંજુર.

નિયમોનુસાર કાર્યવાહી કરવી.

ચીફ ઓફીસરવતી
વલસાડ નગરપાલિકા

જનરલ બોર્ડ ઠરાવ નંબર.:..1033....../તા.:૧૮-૦૩-૨૦૧૬

વ.કા.નં.(૨)

વિષય.: નગરપાલિકા ભરતી પસંદગી સમીતી ધ્વારા ઉમેદવારોની પસંદગીમા માપદંડ નકકી કરવા બાબત...

—પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક.: ઈએસટી / ૧૨૧૨ / સિ.ફા./આર./ તા.:૪-૯-૨૦૧૨ તથા નગરપાલિકા નિયામકશ્રી,ગાંધીનગરના પત્ર નં.:નપાની / મહેકમ / ભરતી પસંદગી / ભરતી / વશી / ૨૦૧૨, તા.:૪-૯-૨૦૧૨થી જણાવ્યા મુજબ નગરપાલિકાઓમા કર્મચારીઓની ભરતી પ્રક્રિયા સમયે એકસુત્રતા જળવાય અને પારદર્શક રીતે ભરતી પ્રક્રિયા થાય તે હેતુથી નગરપાલિકા કક્ષાએ પસંદગી સમીતીની રચના કરી ભરતી અંગેની કાર્યવાહી કરવાનુ ઠરાવેલ છે.તે અન્વયે રચાયેલ સમીતી ધ્વારા ઉમેદવારોની કરવાની થતી પસંદગી પ્રક્રિયામા નીચે મુજબના માપદંડો નકકી કરવાનુ ઠરાવવામા આવે છે.

| ઉમેદવારોના અ.નં.અને નામ. | લાયકાત ગુણ | અનુભવ ગુણ | ઈન્ટરવ્યુ પ્રર્ફોમન્સ ગુણ | મેળવેલ કુલ ગુણ |
|---|---|---|---|---|
| | ૧૦ | ૧૦ | ૦૫ | ૨૫ |

ઉપરોકત માપદંડ મુજબ વધુગુણ મેળવનારને પ્રથમ પસંદગી ક્રમ આપવાના નકકી કરવામા આવે છે.

વધુમા નગરપાલિકામા રોજમદાર / હંગામી / કરાર આધારીત ફરજ બજાવતા અને લાયકાત ધરાવતા કર્મચારીઓ પણ અરજી શકે અને આ કર્મચારીઓને નિમણુંકમા અગ્રતા આપવા તેમજ તેઓને વયમર્યાદા તેમજ શૈક્ષણીક લાયકાતમા છુટછાટ આપવા અંગે પસંદગી સમીતી વિચારણા કરી શકશે.

—મંજુર..

H-C
(signature)

નિયમોનુસાર કાર્યવાહી કરવી.

(signature)
ચીફ ઓફીસરશ્રી
વલસાડ નગરપાલિકા